# <u>તબીબી સારવારના સરકારી ઠરાવ અને આધાર</u>

**(૧) બિનસરકારી શૈક્ષણિક સંસ્થાઓ, માધ્યમિક શાળાઓ, અધ્યાપન મંદિર, યુનિવર્સિટી અને કોલેજના કર્મચારીઓને રજા મુસાફરીના તથા મેડિકલ સવલતોના લાભ**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૭૯–ખ–૫૫૩૫–ગ,

સચિવાલય, ગાંધીનગર તા. ૫ મી માર્ચ, ૧૯૮૦

**ઠરાવ :** સરકારી કર્મચારીઓને રજા મુસાફરી તથા મેડીકલ સવલતોના લાખોની સુવિધા મળે છે. તે લાભો બિનસરકારી શૈક્ષણિક સંસ્થાઓને આપવાનો પ્રશ્ન સરકારી સક્રિય વિચારણા હેઠળ હતી. સક્રિય વિચારણાને અંતે સરકારે નિર્ણય લીધો છે કે આ સુવિધાનો લાભ આવા તમામ બિનશૈક્ષણિક તથા શૈક્ષણિક કર્મચારીઓને પણ આપવો. આથી સરકાર ઠરાવે છે કે તા. ૧–૧–૮૦ ના વર્ષથી આ રજા મુસાફરીનો લાભ તા. ૧–૩–૮૦ થી મેડિકલ વળતરનો લાભ શિક્ષણ વિભાગ હેઠળ ગ્રાન્ટ મેળવતી યુનિવર્સિટી, કોલેજ, ઉચ્ચતર માધ્યમિક સહિત અને માધ્યમિશ શાળા અને અધ્યાપન મંદિરોમાં તમામ કર્મચારીઓને આ લાભ સરકારી કર્મચારીના ધોરણે મળી શકશે.

૨. આ વિષયમાં સરકારી કર્મચારીઓને મળતા લાભોના નિયમોમાં જે સુધારા થશે તે પણ તેઓને આપોઆપ લાગુ પડશે.

૩. આ અંગેનુ જે ખરેખર ખર્ચ થાય તેટલી કમ ગ્રાન્ટ–ઈન–એઈડ તરીકે તે સંસ્થાઓને આપવામાં આવશે.

૪. રજા મુસાફરીના લાભનો બ્લોક ૧૯૮૦–૮૧ થી શરૂ એટલે કે ૧૯૮૦ તથા ૧૯૮૧ ના વર્ષનો એક બ્લોક પ્રથામ બ્લોક રહેશે.

૫. આ હુકમો શિક્ષણ વિભાગની ફાઈલ ક્રમાંક : બમશ–૧૧૭૯–ખ–૨૨૦૩ગ ઉપર નાણાં વિભાગની સંમતિ તા. ૧૫–૨–૮૦ ના રોજ મેળવી રવાના કરવામાં આવે છે.

૬. આ અંગેની વિગતવાર સૂચનાઓ જિલ્લા શિક્ષણાધિકારી તરફથી જે તે સંસ્થાઓને કરવામાં આવે ગુજરાત ના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી) ચં.મો. કોઠારી

સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

**(૨) બિનસરકારી શૈક્ષણિક સંસ્થાઓ, માઘ્યમિક શાળાઓ, અઘ્યાપન મંદિર, યુનિવર્સિટી અને કોલેજના કર્મચારીઓને તબીબી સવલતોના લાભ આપવાની બાબત.**

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ક્રમાંક : એમ.એજી–૧૦૮૦–યુઓશિવિ–૧૯૨૫–ઘ
સચિવાલય, ગાંધીનગર, તા.૨૯–૫–૮૦

**પરિપત્ર** : રાજયમાંથી નીચે જણાવેલી સંસ્થાઓના તમામ બિનશૈક્ષણિક નીચે શૈક્ષણિક કર્મચારીઓને મળતા દાવા વળતરના લાભોની જેમ તબીબ સવલતો આપવાનું સરકારે ઠરાવ્યું હોવાથી રાજયમાંની સહાયક કર્મચારી અથવા તેમની કુટુંબીઓ સરકારી હોસ્પિટલમાં અથવા દવાખાનાઓમાં સારવાર લેવા આવે ત્યારે તેમને સરકારી કર્મચારીઓની જેમ દવા લખી આપવામાં આવે ત્યારે તેના બીલો ઉપર પ્રતિ હસ્તાક્ષરો કરી આપવાની બાબત રાજયમાંના તમામ સરકારી હોસ્પિટલો તથા દવાખાનાઓને આથી સૂચના આપવામાં આવ છે. આ આદેશો તા.૧–૩–૮૦ થી અમલમાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી) મોહનભાઈ પરમાર
સેકશન અધિકારી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

## (૪) સરકારી કર્મચારીઓને તબીબી ભથ્થું મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ક્રમાંક : એમ.એજી–૧૦૮૯–૮૪૩–ઘ,
સચિવાલય, ગાંધીનગર, તા.૧૧–૪–૮૯

**વંચાણે લીધો :–** એમએજી–૧૦૮૧–૨૦૯૦(૮૨)ઘ, તા.૩૧–૩–૮૨

**ઠરાવ :–** નાના કુટુંબને અગ્રતા આપવાના હેતુસર કુટુંબ કલ્યાણ કાર્યક્રમ હેઠળ વિવિધ લાભો મળી રહે તે માટે કટુંબ નીયોજન અપનારી બે બાળકો ધરાવનારને અગ્રતા આપવાનું નકકી કરવામાં આવેલ છે. જેમાં તા.૧–૪–૮૯ પછી સરકારી નોકરીમાં દાખલ થનાર કર્મચારીઓ/ અધિકારીઓને તબબી ખર્ચ રિએમ્બર્સ કરવાની સુવિધા માત્ર કર્મચારી/ અધિકારી દંપતિ અને માત્ર તેના બે બાળકો પૂરતી મર્યાદિન રાખવાની બાબતે વિચારણા હેઠળ હતી.

ઉપરોકત બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧–૪–૮૯ પછી નોકરીમાંથી નવા દાખલ થનાર કર્મચારીઓને જો બે બાળકો હોય તો તબીબી રિએમ્બર્સ ખર્ચ કરવાનું રહેશે. અથવા તબીબી ભથ્થું મેળવવાનું રહેશે. પરંતુ જો બે થી વધુ બાળકો હોય તો તેવા કર્મચારી/ અધિકારીને પ્રથમ બે બાળકો પૂરતુ તબીબી ખર્ચ રિએમ્બર્સ કરવાનો લાભ પ્રાપ્ય થશે અથવા નિયતદારે મળવાપાત્ર તબીબી ભથ્થું મેળવવાનુ રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી) આર. કે. પટેલ, ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

# બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને ટી.બી. અને કેન્સરના રોગોની મેડિકલ સવલતો આપવા અંગે.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ–૧૬૮૦–ગ,
સચિવાલય, ગાંધીનગર, તા.૨૭–૮–૮૪

**વંચાણે લીધો :–** (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧–૬–૮૧ ના ક્રમાંક ટીએટી–૧૮૭૦–૩૮૯ (૭૯) ધ,

(૨) શિક્ષણ વિભાગનો તા.૫–૩–૮૦ નો ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૭૨ (૫) ૫૩૩૫–ઘ.

**ઠરાવ :–** (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧–૬–૮૧ ના ઉપરોકત ક્રમાંક (૧) આગળ ઉલ્લેખ શેરાથી ગુજરાત સરકારના કર્મચારીઓને મુંબઈ સરકારના ટી.બી. કન્સેશનલ રૂલ્સ લાગુ પાડવામાં આવ્યા છે. જયારે ક્રમાંક (૨) આગળ ઉલ્લેખ કરેલા શિક્ષણ વિભાગના તા.૫–૩–૮૦ ના ઠરાવથી બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને મેડીકલ સવલતોનો લાભ આપવામાં આવ્યો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉપરોકત શેરાથી ટી.બી. કેન્સર જેવા રોગો માટે સરકારી પ્રશ્ન કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. પુખ્ત વિચારણાને અંતે ટી.બી. અને કેન્સરના રોગો માટે સરકારી કર્મચારીઓને જે લાભો મળે છે. તે તમામ લાભો અને બિન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને બેઠાબેઠા આપવાનું આથી ઠરાવે છે.

(૨) સરકારી કર્મચારીઓને અપાતી આ સવલતના નિયમોમાં ફેરફાર થશે તે તમામ ફેરફારો બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓના કિસ્સામાં પણ આપોઆપ લાગુ પડશે.

(૩) આ ઠરાવનો લાભ બિનસરકારી માધ્યમિક શાળાના પેન્શનરોને પણ આપવાનું સરકારશ્રી ઠરાવે છે.

(૩) આ ઠરાવ નાણા વિભાગના તા.૧૬–૮–૮૪ ના પત્ર ક્રમાંક : ટીપીપી–૧૦૮૪ – ૧૧૯૮ એમ થી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી) સેકશન અધિકારી

શિક્ષણ વિભાગ.

# બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને કીડનીના રોગોમાં મેડિકલ સવલતો આપવા અંગે.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ–૧૩૮૦–૭૧૨૧૨–ગ,
સચિવાલય, ગાંધીનગર, તા.૯–૧–૧૯૮૫

**વંચાણે લીધો :–** (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧–૬–૮૧ ના શેર ક્રમાંક ટીબી–બી–૧૦૭૧–૨૨૪૮ (૮૦) ધ,

(૨) શિક્ષણ વિભાગનો તા.૫–૩–૮૦ નો ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૭૯ (ખા) ૫૫૩૫–ગ.

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૭–૮–૮૪ નો ઠરાવ ક્રમાંક : બમશ–૧૦૮૦ ૨૩૮૬૨–ગ.

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧૭–૨–૮૩ નો ઠરાવ ક્રમાંક : ટીબીબી ૧૦૮૩–૧૮૭–ધ.

**ઠરાવ :–** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧–૬–૮૧ ના ઉપરોક્ત ક્રમાંક (૧) આગળ ઉલ્લેખ શેરાથી ગુજરાત સરકારના કર્મચારીઓને મુંબઈ સરકારના ટી.બી. કન્સેશન રૂલ્સ લાગુ પાડવામાં આવ્યા છે. જયારે ક્રમાંક (૨) આગળ ઉલ્લેખ કરેલા શિક્ષણ વિભાગના તા.૫–૩–૮૦ ના ઠરાવથી બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને મેડીકલ સવલતોનો લાભ આપવામાં આવ્યો છે. ક્રમાંક ૩ આગળ ઉલ્લેખ કરેલા ઠરાવથી બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને જેમ ટીબી/કેન્સરની બિમારી માટે મળવાપાત્ર લાભો આપવામાં આવ્યા છે. હવે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉપરોક્ત ક્રમાંક ૪ આગળ ઉલ્લેખ કરેલા તા.૧૭–૨–૮૩ ના ઠરાવથી કિડની(મૂત્રપિંડ) રોગો માટે સરકારી કર્મચારીઓને જે લાભો મળે છે. તેવા લાભો બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને પણ આપવાનો પ્રશ્ન કેટલાક સમયથી સરકારીશ્રીની અને પરિવાર કલ્યાણથ વિભાગના તા.૧૭–૨–૮૩ ના ઠરાવ મુજબ જે લાભો મળે છે તે તમામ લાભો બિન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને બેઠેબેઠા આપવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

૨. સરકારી કર્મચારીઓને અપાતી આ સવલતના નિયમોમાં ભવિષ્યમાં જે ફેરફાર થશે તે તમામ ફેરફારો બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓના કિસ્સામાં પણ આપોઆપ લાગુ પડશે.

૩. આ ઠરાવનો લાભ બિનસરકારી માધ્યમિક શાળાના પેન્શનરોને પણ આપવાનું સરકારશ્રી ઠરાવે છે.

૪. આ હુકમોનો અમલ આ ઠરાવ રવાના થયા તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ તા.૩૧–૧૨–૮૪ ના રોજ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી) સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

........................................................................................

## ક્ષય, કેન્સર અને મૂત્રપિંડ (કીડની) ના રોગોની સારવારનું ખર્ચ રીએમ્શન પાત્ર ગણવા બાબત.

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમએજી–૧૦૯૩–૧૪૧–અ,
સચિવાલય, ગાંધીનગર, તા.૧૮–૬–૧૯૯૪

**વંચાણે લીધો :–** કમિશ્નરશ્રી આરોગ્ય સેવા (તબીબી વિભાગ) ગાંધીનગરનો તા.૪–૯–૯૩ નો પત્ર ક્રમાંક : ફ–૭–ત, સા.કેન્સરની સારવાર દરખાસ્ત–૯૩.

**ઠરાવ :–** કમિશ્નરશ્રી આરોગ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮ ના નિયમ–૧૫(૪) ની જોગવાઈ અન્વયે જો સરકારી કર્મચારી તબીબી ભથ્થું મેળવતા હોય અને સરકારી કે સરકારે આવી સારવાર માટે માન્ય કરેલ હોસ્પિટલોમાં બહારના દર્દી તરીકે સારવારનુ ખર્ચ નીચેની શરતોએ રિએમ્બર્સ પાત્ર ગણવાનું આથી સરકાર ઠરાવે છે.

૧. કેન્સરના રોગના શરૂઆતના તબકકે બહારના દર્દી તરીકે સારવાર લેવી પડે અને સારવારનુ ખર્ચ તબીબી ભથ્થાની રકમ કરતાં વધી જાય છે. આથી આ અંગે સરકારી કર્મચારી જે તે નાણાંકીય વર્ષ દરમ્યાન વિકલ્પ બદલવા માગે તો તે નાણાકીય વર્ષ માટે સ્વીકારેલ ભથ્થાનો વિકલ્પ રદ કરીને રીએમ્બર્સમેન્ટ સ્વીકારવાનો વિકલ્પ સ્વીકારવાની છૂટ આપી શકાશે.

૨. મૂત્રપિંડ (કીડની) રોગમાં કીડની ઈન્સ્ટિટયુટ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે બહારના દર્દી તરીકે સારવાર મેળવે તો પણ થયેલ ખર્ચ રિએમ્બર્સ કરવા માટે તબીબી

ભથ્થાનો વિકલ્પ બદલવાની છૂટ આપી શકાશે નિયામકશ્રી કીડની ઈન્સ્ટિટયુટ, અમદાવાદ પ્રમાનપત્રને આધારે બહારના દર્દી તરીકે લીધેલ સારવારનુ ખર્ચ રિએમ્બર્સમેન્ટ લઈ શકાશે.

૩. ક્ષય રોગના કિસ્સામાં પણ બહારના દર્દી તરીકે લીધેલ સારવારનુ ખર્ચ અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, (કમિશ્નરશ્રી, આરોગ્ય સેવાઓ) (તબીબી) ગાંધીનગરની મંજૂરી મેળવીને બહારના દર્દી તરીકે લીધેલ સારવારનુ ખર્ચ રીએમ્બર્સમેન્ટ થઈ શકશે.

૪. સરકારી કર્મચારી અને તેના કુટુંબીજનોએ ઉપર દર્શાવેલ કીડનીના રોગો અને ક્ષયના રોગોની સારવાર માટે બહારના દર્દી તરીકે લીધેલ સારવારના ખર્ચનુ રિએમ્બર્સમેન્ટ મેળવવા ઈચ્છે ત્યારે તેણે આ અંગેની વિકલ્પ બદલવાની એટલે કે મેડીકલ રીએમ્બર્સમેન્ટનો વિકલ્પ સ્વીકારવાની જાણ વિભાગ (ખાતા) કચેરીના વડાને જરૂરા પ્રમાણપત્ર સાથે કરવાની રહેશે અને વિકલ્પ બદલવા અંગેના જરૂરી હુકમો – આદેશ સંબંધિત વિભાગ (ખાતા) કચેરીના કરવાના રહેશે.

૫. જે નાણાંકીય વર્ષમાં આવા વિકલ્પ બદલવામાં આવે ત્યારે વિકલ્પ બદલ્યા સુધી ત્યારે તે વર્ષમાં તબીબી ભથ્થા તરીકે સ્વીકારેલ તમામ રકમ, વિકલ્પ બદલવાની મંજૂરી મળ્યેથી સરકારશ્રી માં પરત ભરપાઈ કરવાની રહેશે અને ત્યારબાદ જ બહારના દર્દી તરીકે લીધેલ સારવારનુ ખર્ચનુ રીએમ્બર્સમેન્ટ મંજુર કરી શકાશે.

૬. ખર્ચનુ રીએમ્બર્સમેન્ટ જે તે માન્ય ખર્ચ દવાઓ પૂરતુ જ મળવાપાત્ર થશે.

૭. આ હુકમો આ વિભાગને સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨–૩–૯૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રવિણ ગદાણી, ઉપસચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**નોંધ :– (ક) સરકાર ધ્વારા અત્યાર સુધીમાં તબીબ સારવાર માટે માન્ય કરવામાં આવેલ સંસ્થાઓ (એલોપેથીક, આર્યુવેદિક અને નેચરોપથી)**

| ક્રમાંક | હોસ્પિટલનુ નામ : |
|---|---|
| (૧) | અખંડઆનંદ આર્યુવેદિક હોસ્પિટલ, અમદાવાદ |
| (૨) | તાપીબાઈ આર્યુવેદિક હોસ્પિટલ, ભાવનગર |
| (૩) | શુધ્ધ આર્યુવેદિક હોસ્પિટલ, વડોદરા |
| (૪) | શ્રીમતી મણીબેન અમૃતલાલ હરગોવનદાસ આયુ.હોસ્પિટલ,અમદાવાદ |
| (૫) | વસંત નેચરકયોર હોસ્પિટલ,અમદાવાદ |
| (૬) | યોગસાધના આશ્રમ,અમદાવાદ |
| (૭) | નેચરકયોર સેન્ટર, સાવરકુંડલા |
| (૮) | સૌરાષ્ટ્ર નેચરકયોર હેલ્થ સેન્ટર, રાજકોટ |
| (૯) | શ્રી હરીલાલ ભગવતી અપંગ સહાય આશ્રમ, અમદાવાદ |
| (૧૦) | હરીયા લખનશી ગોવિંદજી રોટરી હોસ્પિટલ,અમદાવાદ |
| (૧૧) | નવદીપ કિલનિક, અમદાવાદ |
| (૧૨) | પી.આઈ. હેલ્થ સેન્ટર, રાજકોટ ( નવી માન્ય હોસ્પિટલ) |
| (૧૩) | ક્રિશ્ના હાર્ટ ઈન્સ્ટીટયુટ પુના, અમદાવાદ(નવી માન્ય હોસ્પિટલ) |
| (૧૪) | ડી.ડી.એમ.એમ.ઈન્સ્ટીટયુટ નડિયાદ(નવી માન્ય હોસ્પિટલ) |

ઉપર મુજબની સંસ્થાઓની રીએમ્બર્સમેન્ટના હેતુ માટે માન્યતા ચાલુ રહે ત્યાં સુધી અને જો કોઈ નવી સંસ્થાઓને આ હેતુ માટે માન્યતા આપવામાં આવે તો તે સંસ્થાઓમાં સરકારી કર્મચારીઓ સારવાર પાછળ કરેલ ખર્ચ એમ્બર્સ કરી શકાશે.